### વીર નર્મદ યુનિ.માં સિક્યોરિટી ટેન્ડર વિવાદ

# પોલીસ વેરિફિકેશન વગર ગાર્ડ મુદ્દે કુલપતિનું 36 કલાકનું અલ્ટીમેટમ

**તમામ** ગાર્ડના પોલીસ વેરિફિકેશન અને ફિટનેસ સર્ટિફિકેટ જમા કરાવવા આદેશ, નહીં તો પેનલ્ટી નક્કી

## પોલીસ વેરિફીકેશન વગરના ગાર્ડ કેમ્પસની સુરક્ષા માટે સંવેદનશીલ

કેમ્પસ સુરક્ષા જેવા સંવેદનશીલ મુદ્દે બેદરકારીને લઈને વિદ્યાર્થીઓ અને વાલીઓમાં ચિંતા ફેલાઈ હતી. પોલીસ વેરિફિકેશન વિના ગાર્ડની નિમણૂક કેમ્પસ સુરક્ષાને સીધું જોખમ ઉભું કરી શકે તેવી ચર્ચા ચાલી રહી હતી. હવે કુલપતિના આ કડક પગલાંને કારણે મામલો ગંભીરતાથી લેવામાં આવ્યો હોવાનું સ્પષ્ટ થયું છે.

સુરતઃ વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીમાં સિક્યોરિટી ટેન્ડર મુદ્દે ચાલી રહેલા વિવાદ વચ્ચે હવે કુલપતિ ડો.કિશોરસિંહ ચાવડાએ કડક વલણ અપનાવ્યું છે. નવા સિક્યોરિટી કોન્ટ્રાક્ટર દ્વારા કેમ્પસમાં મુકવામાં આવેલા આશરે 40થી 50 જેટલા સિક્યોરિટી ગાર્ડના પોલીસ વેરિફિકેશન સર્ટિફિકેટ અને ફિટનેસ સર્ટિફિકેટ હજી સુધી યુનિવર્સિટીને સોંપવામાં આવ્યા નથી, જેના પગલે વહીવટી તંત્ર સખત પગલાં લેવા મજબૂર બન્યું છે.

માહિતી મુજબ, યુનિવર્સિટીના નિયમો અનુસાર કેમ્પસમાં ફરજ બજાવતા દરેક સિક્યોરિટી ગાર્ડ માટે પોલીસ વેરિફિકેશન ફરજિયાત છે. ઉપરાંત શારીરિક ક્ષમતા દર્શાવતું ફિટનેસ સર્ટિફિકેટ પણ જરૂરી ગણાય છે. તેમ છતાં, એક મહિના જેટલો સમય વીતી જવા છતાં નવા કોન્ટ્રાક્ટર વિજીલ પ્લસ સિક્યોરિટી પ્રા.લી.એ જરૂરી દસ્તાવેજો રજૂ કર્યા નથી. આ ગંભીર બેદરકારીને ધ્યાનમાં લઈ કુલપતિએ કોન્ટ્રાક્ટરને 36 કલાકનું અંતિમ અલ્ટીમેટમ આપ્યું છે. સ્પષ્ટ સૂચના આપવામાં આવી છે કે નિર્ધારિત સમયમર્યાદામાં તમામ સિક્યોરિટી ગાર્ડના પોલીસ વેરિફિકેશન સર્ટિફિકેટ તેમજ ફિટનેસ સર્ટિફિકેટની પ્રમાણિત નકલ યુનિવર્સિટીમાં જમા કરાવવી ફરજિયાત રહેશે.

જો 36 કલાકમાં જરૂરી દસ્તાવેજો રજૂ કરવામાં નહીં આવે તો કોન્ટ્રાક્ટર સામે કરારની શરતો મુજબ દંડાત્મક કાર્યવાહી કરવામાં આવશે. તેમાં આર્થિક પેનલ્ટી ફટકારવી, ચૂકવણી રોકી રાખવી કે કરાર રદ કરવા સુધીના વિકલ્પો પર વિચારણા થઈ શકે છે.

### વાંસી બોરસી માટે PPP મોડ પર બીજીવારનું ટેન્ડર ઇશ્યુ કરવા મંજૂરી અપાઈ

# PM મિત્રા પાર્ક રૂમાલ જેવો થઈ ગયો

45 લાખ ચોરસ મીટર જમીન પૈકી 25 લાખ ચો.મી. જમીનમાં પ્લોટિંગ થશે

**નવસારી,** કલબુર્ગી અને લખનઉ મળી રૂપિયા 5,567 કરોડના પીએમ મિત્રા ટેક્સટાઇલ પાર્ક માટે અંતિમ ડીપીઆરને મંજૂરી

## વાંસીબોરસી સુધી સિંગલ પોઇન્ટ પર પાણી, વીજ સપ્લાય આપવાનું કામ જોરમાં

પ્રોજેક્ટની જાહેરાત પછી વાંસીબોરસી પીએમ. મિત્રા પાર્કની આકરી શરતોને લીધે માસ્ટર ડેવલપર નહીં મળતા સરકારે ફેરફાર સાથેનું બીજું ટેન્ડર જાહેર કરવા જઈ રહી છે. એ પૂર્વે પાણી અને વીજળી માટે બેઝિક ઈન્ફ્રાસ્ટ્રક્ચરનું કામ ઝડપી બનાવ્યું છે. પાર્કમાં માળખાગત સુવિધાઓમાં 65 MLD પાણી પુરવઠો સિંગલ પોઇન્ટ પર આપવામાં આવશે, એ માટે પાણીની લાઇન નાખવાનું કામ જોરશોરથી ચાલી રહ્યું છે. 66 KV સબસ્ટેશનનું કામ પણ એ મુજબ ચાલી રહ્યું છે. કોમન એફ્લુઅન્ટ ટ્રીટમેન્ટ પ્લાન્ટ (CETP) અને પ્લગ-એન્ડ-પ્લે યુનિટનો પણ સમાવેશ થાય છે.

સુરત : નવસારીના જલાલપોર તાલુકાના વાસીબોરસીના દરિયા કિનારે નિર્માણ થનારા પીએમ. મિત્રા મેગા પાર્કનું કદ પણ સુરત મલ્ટી મોડલ ટ્રાન્સપોર્ટ હબ (સુરત MMTH) પ્રોજેક્ટની જેમ ટુવાલ ફાડીને રૂમાલ જેટલું કરાયું છે. MMTH પ્રોજેક્ટ અગાઉ 5400 કરોડના ખર્ચે બનવાનો હતો પણ કોઈ કોર્પોરેટ ગ્રુપે રસ લીધો ન હતો. એ પછી આ પ્રોજેક્ટ સીધો 1000 કરોડની અંદર આવી ગયો છે.

એવી જ રીતે નવસારી પીએમ. મિત્રા પાર્કના પ્રથમ ટેન્ડરમાં કોઈ મોટો કંપનીઓ રસ નહીં દાખવતા સરકારે મૂળ યોજનામાં ફેરફાર કરી DBFOT હેઠળ પબ્લિક પ્રાઈવેટ પાર્ટનરશીપ (PPP) મોડ પર બનાવવાનો નિર્ણય લીધો છે. એ રીતે રીવ્યુ બેઠકમાં પીએમ. મિત્રા પાર્ક વાંસી બોરસી નવસારી માટે PPP મોડ પર બીજીવારનું ટેન્ડર ઈશ્યૂ કરવા મંજૂરી અપાઈ છે. હવે અંદાજિત 45 લાખ ચોરસ મીટર જમીન પૈકી 25 લાખ ચોમી.જમીનમાં પ્લોટિંગ થશે.

વિલંબિત રહેલા ત્રણ પાર્કની સમીક્ષા બેઠક પછી નવસારી, કલબુર્ગી અને લખનઉ મળી રૂપિયા 5,567 કરોડના પીએમ મિત્રા ટેક્સટાઈલ પાર્ક માટે અંતિમ ડીપીઆરને મંજૂરી આપવામાં આવી છે. કાપડ મંત્રાલય (MoT), નેશનલ ઈન્ડસ્ટ્રીયલ કોરિડોર ડેવલપમેન્ટ કોર્પોરેશન લિમિટેડ (NICDC) ના સહયોગથી પ્રધાનમંત્રી - મેગા ઈન્ટિગ્રેટેડ ટેક્સટાઈલ રિજન એન્ડ એપેરલ (PM MITRA) પાર્ક માટે સંભવિત વિકાસકર્તાઓને જોડવા માટે નવી દિલ્હી, દિલ્હીમાં હિસ્સેદારોની પરામર્શ યોજાઈ હતી.

બેઠક દરમિયાન, MoTના અધિક સચિવ રોહિત કંસલે જાહેરાત કરી કે ઉત્તર પ્રદેશ (UP), કર્ણાટક અને ગુજરાતમાં ત્રણ ગ્રીનફિલ્ડ ટેક્સટાઈલ પાર્ક માટે રૂપિયા 5,567 કરોડના વિગતવાર પ્રોજેક્ટ રિપોર્ટ્સ (DPRs) ને અંતિમ સ્વરૂપ આપવામાં આવ્યું છે . આયોજન માટેનું મોડેલ DBFOT હેઠળ પબ્લિક પ્રાઈવેટ પાર્ટનરશીપ (PPP) મોડ પર રહેશે. જેમાં સુરતની કંપનીઓ પણ બિડ ભરી શકશે. નવસારી (1142 એકર), લખનઉ (1,000 એકર), અને કાલબુર્ગી (1,000 એકર) સહિતના ત્રણ ગ્રીનફિલ્ડ ટેક્સટાઈલ પાર્કનો સમાવેશ થાય છે.

ઈન્ટિગ્રેટેડ ટેક્સટાઈલ પાર્ક બનાવવા માટે માસ્ટર ડેવલપર્સ સાથે ભાગીદારીની તકો શોધવા ટૂંક સમયમાં ટેન્ડર ઈશ્યૂ થશે. ડિઝાઈન, બિલ્ડ, ફાઈનાન્સ, ઓપરેટ અને ટ્રાન્સફર (DBFOT) ફ્રેમવર્કનો ઉપયોગ કરીને PPP હેઠળ પાર્ક વિકસાવવામાં આવશે, જેમાં માસ્ટર ડેવલપર્સ આયોજન, અમલીકરણ અને સંચાલનમાં મુખ્ય ભૂમિકા ભજવશે.

નવા સુધારાઓ પછી ત્રણેય પાર્કમાં રોકાણકારોનો રસ પડ્યો છે. તેઓએ કુલ રૂપિયા 20,054 કરોડથી વધુનો રસ દાખવ્યો છે, જે પ્લગ-એન્ડ-પ્લે ઈન્ફ્રાસ્ટ્રક્ચર, ઈન્ટિગ્રેટેડ લોજિસ્ટિક્સ અને ક્લીન પાવર દ્વારા સમર્થિત છે.

પીએમ મિત્રા યોજના પ્રોજેક્ટ ખર્ચના 30% સુધી વિકાસ મૂડી સહાય અને પ્રતિ પાર્ક રૂપિયા 300 કરોડ સુધીની સ્પર્ધાત્મક પ્રોત્સાહન સહાય ઓફર કરે છે,

# હોળી પર્વની ભીડને ખાળવા 8 ટ્રેનના ફેરા લંબાવવામાં આવ્યા

**મુંબઈ,** સુરત અને ભાવનગર સહિતની 8 જોડી સ્પેશિયલ ટ્રેન હવે માર્ચના અંત સુધી દોડશે, બુકિંગ આજથી શરૂ

સુરતઃ આગામી હોળીના તહેવારને હવે ગણતરીના દિવસો બાકી છે ત્યારે વતન જનારા મુસાફરોની સુવિધા માટે પશ્ચિમ રેલવેએ મહત્વનો નિર્ણય લીધો છે. મુસાફરોની ભારે ભીડને કારણે પશ્ચિમ રેલવે દ્વારા 8 જોડી ટ્રેનોનો વધારો કરવામાં આવ્યો છે. આ ટ્રેનો હવે માર્ચ-2026ના અંત સુધી દોડાવવામાં આવશે, જેના કારણે મુસાફરોને કન્ફર્મ ટિકિટ મેળવવામાં સરળતા રહેશે. પશ્ચિમ રેલવેના મુખ્ય જનસંપર્ક અધિકારી વિનીત અભિષેકના જણાવ્યા અનુસાર, મુંબઈ સેન્ટ્રલ, બાંદ્રા ટર્મિનસ, દાદર, સુરત અને ભાવનગરથી ઉપડતી વિવિધ સ્પેશિયલ ટ્રેનોને એક્સટેન્શન આપવામાં આવ્યું છે. રેલવે તંત્ર દ્વારા લેવાયેલા આ નિર્ણય બાદ, ટ્રેન નંબર 09085, 09086, 09001, 09049, 09051, 09005 અને 09057ના વિસ્તૃત ફેરા માટેનું બુકિંગ 17 ફેબ્રુઆરી, 2026થી તમામ PRS કાઉન્ટર્સ અને IRCTCની વેબસાઈટ પર શરૂ કરી દેવામાં આવશે. ઉલ્લેખનીય છે કે, તહેવારો દરમિયાન ઉત્તર ભારત અને સૌરાષ્ટ્ર તરફ જતી ટ્રેનોમાં ભારે વેઈટિંગ જોવા મળતું હોય છે, ત્યારે આ વધારાની ટ્રેનોથી હજારો મુસાફરોને રાહત મળશે.

### કઈ ટ્રેનોના ફેરા ક્યાં સુધી લંબાવાયા

| ટ્રેન નંબર | રૂટ | (નવી તારીખ) |
|---|---|---|
| 09085/86 | મુંબઈ સેન્ટ્રલ - ઈન્દોર સ્પેશિયલ | 27/28 માર્ચ, 2026 |
| 09001/02 | મુંબઈ સેન્ટ્રલ - ભિવાની સ્પેશિયલ | 27/28 માર્ચ, 2026 |
| 09049/50 | દાદર - ભુસાવલ સ્પેશિયલ | 27 માર્ચ, 2026 |
| 09051/52 | દાદર - ભુસાવલ સ્પેશિયલ | 28 માર્ચ, 2026 |
| 09005/06 | બાંદ્રા ટર્મિનસ - ભિવાની સ્પેશિયલ | 25/27 માર્ચ, 2026 |
| 09057/58 | સુરત - મેંગલુરુ સ્પેશિયલ | 29/30 માર્ચ, 2026 |
| 09211/12 | ગાંધીગ્રામ - બોટાદ (ડેઈલી અનરિઝર્વ્ડ) | 31 માર્ચ, 2026 |
| 09530/29 | ભાવનગર - ધોળા (ડેઈલી અનરિઝર્વ્ડ) | 31 માર્ચ, 2026 |

# સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી પહેલા ભાજપમાં આંતરિક ભડકો

**નવસારીથી** સુરત અને વડોદરા સુધી રાજીનામાની લહેર

ગાંધીનગર : સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી નજીક આવતાં જ રાજ્ય ભાજપમાં આંતરિક અસંતોષ ખુલ્લો પડી રહ્યો છે. એક તરફ નવસારી જિલ્લામાં જલાલપોર તાલુકામાં સામૂહિક રાજીનામાનો દોર શરૂ થયો છે, તો બીજી તરફ સુરત અને વડોદરામાં પણ સંગઠન સ્તરે હલચલ તેજ બની છે. ચૂંટણી પૂર્વે ઊભેલા આ આંતરિક જુથવાદે રાજકીય વર્તુળોમાં ચર્ચાનો વિષય ઉભો કર્યો છે.નવસારી, સુરત અને વડોદરા જેવા જિલ્લાઓમાં ઊભા થયેલા આંતરિક વિખવાદે ભાજપ માટે ચૂંટણી પૂર્વે પડકાર ઊભો કર્યો છે. આંતરિક જુથવાદ અને અસંતોષનું રાજકારણ સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી પર કેટલી અસર કરશે તે આવનારો સમય નક્કી કરશે.રાજકીય વિશ્લેષકો માને છે કે સંગઠન માટે હાલ આંતરિક સમન્વય જ સૌથી મોટો મુદ્દો બની રહ્યો છે. ચૂંટણી પહેલા અસંતોષ શમાવવો પક્ષ માટે રાજકિય પડકાર ગણાય છે.

## નવસારી-જલાલપોરમાંથી સામૂહિક રાજીનામા, આંક 22ને પાર

નવસારી જિલ્લા ભાજપનું નવું સંગઠન જાહેર થતા થતાં જ નવનિયુક્ત ઉપપ્રમુખ, મંત્રી અને બે મોરચાના મહામંત્રીઓએ જિલ્લા પ્રમુખ ભુરાલાલ શાહને ટેલિફોનિક જાણ કરી સામૂહિક રાજીનામું મૂકી દીધું હતું.ત્યારબાદ જલાલપોર તાલુકાના બે મહામંત્રીઓ અને મહિલા મોરચાના મહામંત્રીએ પણ પદ છોડતાં રાજીનામાનો આંક 22 પર પહોંચી ગયો છે. આવનારા સમયમાં આ આંક 100 પાર જઈ શકે તેવી ચર્ચા રાજકીય વર્તુળોમાં છે. જલાલપોરના કાર્યકરોનો આક્ષેપ છે કે જિલ્લામાં વર્ષોથી તેમની અવગણના થઈ રહી છે.

### વડોદરા- વોર્ડ પ્રમુખ અને મહામંત્રીના રાજીનામા

વડોદરામાં વોર્ડ 8ના પ્રમુખ વિપુલ બારોટ અને મહામંત્રી વિજય ચાવડાનું રાજીનામું લેવામાં આવ્યું છે. બંનેએ અંગત કારણો દર્શાવી રાજીનામું આપ્યું હોવાનું જાણવા મળ્યું છે.તેમ છતાં, રાજકીય ખેમામાં કરોડિયાની જમીન અને આકારણી વિવાદને લઈને રાજીનામું લેવાયું હોવાની ચર્ચાઓ ચાલી રહી છે. જમીન સોદા અને દલાલી મુદ્દે ઉઠેલા વિવાદ બાદ સંગઠને કડક વલણ અપનાવ્યું છે.

### સુરત - આદિવાસી મોરચાના મંત્રીનો પક્ષત્યાગ

સુરતમાં આદિવાસી મોરચાના મંત્રી ગણપત રાઠોડે બારડોલી તાલુકા સંગઠન પર ગંભીર આક્ષેપો કરીને પક્ષના તમામ હોદ્દા અને સભ્યપદેથી રાજીનામું આપી દીધું છે.તેમનો આક્ષેપ છે કે સંગઠનમાં સતત અવગણના અને ભેદભાવ રાખવામાં આવી રહ્યો હતો. પ્રતિકૂળ પરિસ્થિતિ છતાં જવાબદારી નિભાવી છે.આંતરિક વલણથી કંટાળીને રાજીનામું આપવાનો નિર્ણય લીધો હોવાનું જણાવ્યું છે.

### સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી પહેલા ભાજપની રણનીતિ

# 60 વર્ષથી વધુ વય ધરાવનારને હવે ભાજપ ટિકિટ નહીં આપશે

**નો રિપીટ** થીયરી પણ લાગુ પડશે

## સ્વચ્છ છબી પર ભાર

પક્ષે સ્પષ્ટ કર્યું છે કે ગુનાહિત રેકોર્ડ ધરાવતી વ્યક્તિઓને ઉમેદવારી આપવામાં નહીં આવે. ઉમેદવારોની પસંદગી પક્ષના નક્કી કરેલા માપદંડો અને સંગઠન પ્રત્યેની નિષ્ઠાના આધારે કરવામાં આવશે.

## દબાણ કે લોબિંગથી ટિકિટ નહીં મળે

ભાજપના આ નિર્ણયથી દાવેદારો માટે સંદેશ સ્પષ્ટ છે – માત્ર દબાણ કે લોબીંગથી ટિકિટ નહીં મળે, પરંતુ પક્ષના ધોરણોનું પાલન અનિવાર્ય રહેશે. ચૂંટણી પૂર્વે ભાજપે અપનાવેલી આ રણનીતિથી એક તરફ સંગઠનમાં યુવા ચહેરાઓને પ્રોત્સાહન મળશે, તો બીજી તરફ વરિષ્ઠ અને પુનરાવર્તિત ઉમેદવારો માટે પડકાર ઊભો થશે. હવે જોવાનું રહ્યું કે પક્ષની આ કડક ફોર્મ્યુલા ચૂંટણી પરિણામોમાં કેટલો ફાયદો કરાવે છે.

ગાંધીનગર : સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ નજીક આવતાં રાજ્યની રાજનીતિ ગરમાઈ છે. તમામ પક્ષોએ પોતપોતાના સંગઠનને મજબૂત બનાવવાની કવાયત તેજ કરી છે. ભાજપે પણ ઉમેદવારી માટેની પોતાની આંતરિક રણનીતિ સ્પષ્ટ કરી દીધી છે.

ચૂંટણી પૂર્વે ટિકિટ મેળવવા ઈચ્છુક દાવેદારો અત્યારથી જ સક્રિય થઈ ગયા છે. અનેક નેતાઓએ સંગઠન કક્ષાએ સંપર્કો વધાર્યા છે અને પોતાના દાવાને મજબૂત કરવા પ્રયાસો શરૂ કર્યા છે. પરંતુ આ જ સમયે ભાજપે સ્પષ્ટ સંકેત આપ્યો છે કે, આ વખતે ટિકિટ ફાળવણીમાં જૂની અને કડક ફોર્મ્યુલા જ લાગુ કરવામાં આવશે. કમલમ ખાતેના પક્ષના આંતરિક સૂત્રો મુજબ સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં 60 વર્ષથી વધુ વય ધરાવતા નેતાઓને ઉમેદવારી આપવામાં નહીં આવે. સંગઠન નવા અને યુવા ચહેરાઓને પ્રાથમિકતા આપવાની દિશામાં આગળ વધી રહ્યું છે. આ નિર્ણયથી ઘણા વરિષ્ઠ નેતાઓના દાવ પર અસર થવાની શક્યતા છે.

ભાજપ આ વખતે 'નો રિપીટ થિયરી'ને પણ કડકપણે અમલમાં મૂકશે. એટલે કે, જે નેતાઓ બે કે તેથી વધુ વખત કોર્પોરેટર અથવા તાલુકા-જિલ્લા પંચાયતના સભ્ય રહી ચૂક્યા છે, તેમને ફરી ટિકિટ મળવાની શક્યતા ઓછી છે. પક્ષમાં નવી નેતાગીરી ઉભી કરવા અને કાર્યકરોને તક આપવા આ નિર્ણય લેવાયો હોવાનું માનવામાં આવે છે.

# અમદાવાદની 16 શાળાને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી

**અનેક** શાળાઓએ વિદ્યાર્થીઓને ઘરે મોકલી આપ્યા



અમદાવાદ : અમદાવાદ શહેરમાં ફરી એકવાર શાળાઓને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી મળતા ખળભળાટ મચી જાવ પામ્યો હતો. ખાલિસ્તાનના નામે મોકલાયેલા ધમકીભર્યા ઈ-મેઈલમાં બપોરે 1.11 મિનિટે શાળાઓમાં વિસ્ફોટ કરવાની ધમકી આપવામાં આવી હતી. ધમકી ભર્યા ઈ-મેઈલમાં કાર અને શાળાની બસોમાં પણ બોમ્બ વિસ્ફોટનો ઉલ્લેખ કરાયો હતો.

ધમકીભર્યા ઈ-મેઈલને પગલે પોલીસ સહિત સુરક્ષા એજન્સીઓ, બોમ્બ સ્ક્વોડની ટીમએ તાત્કાલિક કાર્યવાહી હાથ ધરી હતી. જે શાળાઓમાં ધમકીભર્યો ઈ-મેઈલ મળ્યો હતો. તે શાળાઓમાં ચેકિંગ શરૂ કરાયું હતું. સાથે જ શાળાઓની સુરક્ષા કડક બનાવાઈ હતી. વિદ્યાર્થીઓની સલામતીને ધ્યાનમાં રાખીને અનેક શાળાઓએ બાળકોને ઘરે મોકલી દીધા હતા. શાળાઓમાં બોમ્બની ધમકીની જાણ થતાં વાલીઓને બાળકોને તાત્કાલિક ઘરે લઈ જવા સૂચના અપાઈ હતી. જેના પગલે વાલીઓ શાળામાં પોતાના બાળકોને લેવા દોડી ગયા હતા. આ સમયે અફરાતફરીનો માહોલ જોવા મળ્યો હતો.

### આ શાળાઓને ધમકી મળી

- સેટેલાઇટની એ વન સ્કુલ
- ડ્રાઇવ-ઇન રોડની એશિયા
- બાપુનગરની સિલ્વર બેલ
- પાલડીની દીવાન બલ્લુભાઈ
- નિરમા યુનિવર્સિટી
- જેજે ઇન્ટરનેશનલ
- સીએન વિદ્યાલય
- જીવીબા સ્કૂલ
- મકરબાની ડીએવી સ્કુલ
- નવરંગપુરાની સંત કબીર
- કૃષ્ણનગરની અંકુર
- SGVP ગુરુકુલ
- એજી હાઈસ્કૂલ
- વિદ્યાનગર સ્કૂલ
- ખાલસા લિટલ સ્કૂલ
- બોપલની તુલિપ ઇન્ટરનેશનલ

# કિશોરી પર બળાત્કારના કેસમાં કિશોરને 20 વર્ષની કેદ

**ગર્ભમાં** રહેલા બાળકનાં ડીએનએ રિપોર્ટમાં બાળકિશોર બાયોલોજીકલ પિતા સાબિત થતા જૂવેનાઈલ કોર્ટે સજા ફટકારી

સુરતઃ સગીર વયની કિશોરી પર બળાત્કાર ગુજારી ગર્ભવતી બનાવી દેવાનાં કેસમાં કાયદાનાં સંઘર્ષમાં આવેલા બાળ કિશોરને જુવેનાઈલ કોર્ટે ૨૦ વર્ષની સજા ફટકારી છે.

સચિન જીઆઈડીસી પોલીસ સ્ટેશને ૧૬-૨-૨૦૨૩એ નોંધાયેલી ફરિયાદની હકીકત મુજબ મજૂરીકામ કરતાં પરિવારની ૧૨ વર્ષની દીકરીને પેટમાં દુઃખાવો થતાં અને માસિક ધર્મ આવતું ન હોવાથી માતા દીકરીને લઈને હોસ્પિટલ ગયાં હતા. જ્યાં સોનોગ્રાફી, મેડિકલ રિપોર્ટમાં દીકરીને ચાર માસનો ગર્ભ હોવાનું આવતાં પરિવાર પર આભ તૂટી પડ્યું હતું. દીકરીને ઘરે પરત લાવી પૃચ્છા કરતાં દીકરીએ પ્રેમ સંબંધમાં કાયદાનાં સંઘર્ષમાં આવેલા બાળકિશોરે બેથી ત્રણ વખત શરીર સંબંધ બાંધ્યાની વાત કરી હતી. જેથી માતાએ સચિન જીઆઈડીસી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.

પોલીસે પોકસો એકટ સહિતની કલમો અન્વયે ગુનો નોંધ્યો હતો. આ કેસની ઈન્સાફી કાર્યવાહી જુવેનાઈલ કોર્ટમાં ચાલી હતી. ફરિયાદ પક્ષે સરકારી વકીલ એમ કે બ્રહ્મભટ્ટે દલીલ કરી હતી કે કાયદાનાં સંઘર્ષમાં આવેલા બાળ કિશોરે અનેક વખત શરીર સંબંધ બાંધ્યા છે. ભોગ બનનારને ગર્ભવતી બનાવી છે. ડીએનએ રિપોર્ટમાં બાળકનો બાયોલોજીકલ પિતા કાયદાનાં સંઘર્ષમાં આવેલો બાળ કિશોર હોય, ગંભીર ગુનો આચર્યો છે, જેથી તેને મહત્તમ સજા કરવા વિનંતી કરી હતી.

બંને પક્ષની દલીલો સાંભળ્યા બાદ જુવેનાઈલ કોર્ટે કાયદાનાં સંઘર્ષમાં આવેલા બાળ કિશોરને ૨૦ વર્ષની સજા કરી છે.

# પાંડેસરામાં યુવકની ક્રૂર હત્યાના કેસમાં દંપતીને આજીવન કેદ

**માથામાં** પાઈપ ફટકારી હત્યા કર્યા બાદ માથું, ધડ અને શરીરના અંગો કાપી જુદી જુદી જગ્યાએ ફેંકી દીધા હતા

## આરોપી દંપતી ગરીબ છોકરાઓને બિહારથી લાવી મફતમાં મજૂરી કરાવતું હતું

બિહારથી અકબરઅલી ગરીબ છોકરાઓને લાવી ઉન પાટીયા ભીંડીબજાર નસીમાનગરનાં ખાતામાં સાડીમાં ટીકી તથા જરી લગાવવાનું કામ કરાવતો હતો. તે માત્ર જમવાનું આપતો હતો, પગાર આપતો ન હતો. જેથી છોકરાઓ વતન જવા માંગતા ધાકધમકી આપી મારઝૂડ પણ કરતો હતો.

સુરતઃ પુરાવાનો નાશ કરવા શરીરનાં ટુકડાં કરી અલગ અલગ જગ્યાએ ફેંકી દઈ ઘાતકી હત્યાના કેસમાં આરોપી દંપતીને સેશન્સ કોર્ટે આજીવન કેદની સજા ફટકારી છે.

પાંડેસરા પોલીસ સ્ટેશને નોંધાયેલી ફરિયાદ હકીકત મુજબ ૭/૧/૨૦૧૭ના રોજ ભેસ્તાન વિનાયક રેસીડેન્સીની સામે બાવળની ઝાડીમાંથી કપાયેલું માથું મળી આવ્યું હતું. તપાસ દરમિયાન મૃતકની ઓળખ મોહમદ ફકરૂદ્દીન મોહમદ નઈમ શેખ (ઉ.વ.૧૮) તરીકે થઈ હતી. આરોપી અકબરઅલી મો. સફાયત શેખ, પત્ની અફસાના બેગમે લોખંડનાં પાઈપથી માર મારી તેની હત્યા કરી હતી અને ખાતામાં કામ કરતા કાયદાનાં સંઘર્ષમાં આવેલા બે બાળકિશોરની મદદથી માથું, ધડ કાપી શરીરનાં બાકીનાં અંગો પણ કાપી કોથળામાં ભરીને પુરાવાનો નાશ કરવા મોપેડ ગાડી પર અલગ અલગ જગ્યાએ ફેંકી દીધાં હતાં. સાડીમાં ટીકા લગાડવાનું કામ આરોપી મફત કરાવતાં હોવાથી મૃતક વતન ભાગી રહ્યો હતો. એટલું જ નહીં, તે અન્ય બાળકિશોરોને પણ આરોપીઓ વિરુદ્ધ ઉશ્કેરતો હતો. વતન ભાગતા મૃતકને પકડી લાવી તેને માર માર્યો હતો. મૃતક વતન ભાગી જવાની ફિરાકમાં હોવાની દાઝ રાખી આરોપી દંપતીએ કાયદાનાં સંઘર્ષમાં આવેલા બે બાળકિશોરની મદદથી તેની ઘાતકી હત્યા કરી હતી. બાદમાં મૃતકનાં ટુકડા કરી નાંખ્યાં હતાં. આ કેસની તપાસ બાદ પોલીસે આરોપી વિરુદ્ધ કોર્ટમાં ચાર્જશીટ રજૂ કરી હતી. આ કેસની ઈન્સાફી કાર્યવાહી સેશન્સ કોર્ટમાં ચાલી હતી. ફરિયાદ પક્ષે સરકારી વકીલ જે એન પારડીવાલાએ દલીલો કરી હતી. બંને પક્ષની દલીલો અને પુરાવા ધ્યાને લઈ સેશન્સ કોર્ટે આરોપી દંપતીને આજીવન કેદની સજા ફટકારી છે. તેમજ ભારતીય દંડ સંદિહતાની કલમ-૨૦૧માં સાત વર્ષની સખત સજા કરાઈ છે. આરોપીઓને આ સજાઓ એક સાથે ભોગવવાનો હુકમ કરવામાં આવ્યો હતો.

**અનુસંધાન... પાના છેલ્લાનું**

### સ્મીમેરની 250માંથી...

કોર્પોરેશનના વિદ્યાર્થીઓ માટે ફાળવવામાં આવી હતી. પરંતુ બીજા જ વર્ષે આ કોટો ઘટાડીને 50 ટકા કરી દેવાતા વિવાદ ઊભો થયો હતો. આ મામલે એક તબીબે હાઈકોર્ટમાં લડત ચલાવતા વર્ષ 2003-04માં હાઈકોર્ટ દ્વારા સુરતના વિદ્યાર્થીઓ માટે 85 ટકા કોટો ફાળવવાનો હુકમ આપવામાં આવ્યો હતો. તે મુજબ 100માંથી 70 સીટ સુરતના લોકલ વિદ્યાર્થીઓને મળતી હતી. પરંતુ સમય જતાં એમબીબીએસની સીટોમાં સતત વધારો થતો રહ્યો છતાં સુરતના વિદ્યાર્થીઓ માટેની સીટોની સંખ્યા યથાવત રહી છે. હાલ સ્મીમેરમાં કુલ 250 સીટો છે, પરંતુ સુરતના વિદ્યાર્થીઓ માટે હજી પણ માત્ર 70 સીટ જ ફાળવવામાં આવે છે. આ પ્રમાણે હવે સુરતના વિદ્યાર્થીઓનો હિસ્સો ઘટીને આશરે 28 ટકા જેટલો જ રહ્યો છે.

### કમિશનર પહોંચી...

દ્વારા પૂર્વ નિર્ધારીત કાર્યક્રમ મુજબ રાઉન્ડ લેવાયો હતો. ત્યારે જવાબદાર અધિકારી ડો.અજીત ભટ્ટ સ્થળ પર હાજર હતા નહીં. આશ્ચર્યજનક રીતે, માત્ર અધિકારી જ નહીં, પરંતુ સફાઈ કર્મચારીઓ અને સુપરવાઈઝરી સ્ટાફનો પણ ત્યાં પત્તો નહોતો. અગાઉથી થીમ અને સ્થળની જાણકારી હોવા છતાં ડો.ભટ્ટ દ્વારા કોઈ પણ પ્રકારની સુચારૂ દેખરેખ રાખવામાં આવી ન હતી, તેમની ફરજમાં ખૂબ જ ગંભીર બેદરકારી અને ફરજચૂકને લઈ તાત્કાલિક અસરથી તેમને સસ્પેન્ડ કરવાનો આદેશ કરાયો છે.

### ચિરાગ ગોટીની...

હતા. સુરતમાં ભાગીદારની કારમાં ડ્રગ્સ પ્લાન્ટ કરી ફસાવવાનું ષડયંત્ર અને 'તાલિબાની' સજા આપી નિર્દોષોને હેરાન કરનાર નામચીન ચિરાગ ગોટી હાઈકોર્ટની ટકોર બાદ પોલીસ સમક્ષ હાજર થયો હતો. પોલીસે ભોગ બનેલાઓને પોલીસની સંપર્ક કરવા જણાવ્યું હતું. જેથી કેટલાક ભોગ બનેલા પોલીસ સમક્ષ આવતા પોલીસે ચિરાગ ગોટી તેના પિતા, તેના ભાઈ અને તેના મળતીયા વિરુદ્ધ ગુના નોંધવાના શરૂ કર્યા હતા. ચિરાગના રાજકીય આકાઓ તેના બચાવમાં આવતા ફરિયાદીઓને ધમકી આપવાની શરૂઆત થઈ હતી. પોલીસે ચિરાગના ભોગ બનેલાઓની ફરિયાદો લઈ ચોક, કતારગામ અને સરથાણા પોલીસ મળી ચારથી પાંચ ગુનાઓની તપાસ SOG પોલીસને સોંપી હતી.

SOG પોલીસ આજે ચિરાગ ગોટીને રિકન્સ્ટ્રક્શન માટે તેના રહેણાંક વિસ્તાર સિંગણપોરમાં લઈ જવાની હોવાનો સોશિયલ મીડિયામાં મેસેજ ફરતા થતા જ એક કલાક પહેલા લોકોના ટોળે ટોળા રસ્તા પર ઉતરી આવ્યા હતા. ચિરાગ ગોટીને સિંગણપોર ચાર રસ્તા પર લાવતા પહેલા સ્થાનિક પોલીસે પણ બંદોબસ્ત ગોઠવી દીધો હતો. ચિરાગ ગોટીને SOG પોલીસ ઘટના સ્થળે લાવતા જ લોકટોળા જોઈ ચિરાગ હાથ જોડી માફી માંગવાનું નાટક કરવા લાગ્યો હતો. નાટકબાજી જોઈ સ્થાનિકો અને ભોગબનનારાઓમાં આક્રોશ વધ્યો હતો. લોકોના હાથમાં ચિરાગ ગોટી વિરુદ્ધના બેનરો અને પોસ્ટરો હતા, જેમાં તેને કડકમાં કડક સજા થાય અને ફાંસી આપવામાં આવે તેવી ઉગ્ર માગણી કરવામાં આવી હતી. સામાન્ય રીતે ગુનેગારોના રિકન્સ્ટ્રક્શન વખતે ભયનું વાતાવરણ હોય છે, પરંતુ અહીં લોકોએ ડર છોડીને જાહેરમાં સૂત્રોચ્ચાર કર્યા હતા.

### ચિરાગની નાટકબાજી...

સ્થિતિ પર ગંભીર સવાલો ઊભા કરે છે. સુરક્ષાકર્મીઓની વચ્ચે જ આ પ્રકારની ખેંચતાણ અને ઝપાઝપી થવી એ દર્શાવે છે કે લોકોમાં આક્રોશ કેટલો ચરમસીમાએ હતો. ઉલ્લેખનીય છે કે, ચિરાગ ગોટી જ્યારે પોલીસની ગાડીમાંથી ઉતર્યો તે દરમિયાન તેના કપડાં ફાટેલા જોવા મળ્યા હતા.

### ચિરાગ ગોટીના...

પર ચંપલ ફેંક્યા હતા. ફાંસીની સજા આપો, SOG પોલીસનો ધન્યવાદ, સાથેના બેનરો પણ દેખાયા હતા. ગોટી પરિવારે પોતાના ઘરને જ ટોર્ચર હાઉસ બનાવ્યું હતું, જેથી ભોગ બનનારા પણ તેના ઘરે પહોંચ્યા હતા અને તેને કડક સજા આપવાની માંગ કરી હતી.

### સ્વાદપ્રિય સુરતીઓ...

સહિત પાડોશી મહારાષ્ટ્ર રાજ્યમાંથી મળેલા વ્યાપક પ્રતિસાદ બાદ આ વરસે ફરી મોટાપાયે સી ફૂડ ફેસ્ટિવલ યોજવા કવાયત શરૂ થઈ ગઈ છે.

સુરત સહિત દેશભરમાં સી ફૂડ માટે જાણીતા કૂક બિપીન ભંડારીએ જણાવ્યું હતું કે આગામી 20મીથી ત્રિ-દિવસીય સી ફૂડ ફેસ્ટિવલ યોજાવા જઈ રહ્યો છે.

આ વરસે આ ફેસ્ટિવલમાં સી ફૂડની અવનવી ચટાકેદાર વાનગીઓ જોવા મળશે. તેમને કહ્યું હતું કે ગયા વરસે સી ફૂડ ફેસ્ટિવલમાં 40 સ્ટોલ હતા, પરંતુ આ વરસે સ્ટોલની સંખ્યા 80 કરવામાં આવી છે. આ ફેસ્ટિવલમાં મુંબઈના વર્સોવાથી પણ સી ફૂડ સ્ટોલ બૂક કરાયો છે. તે ઉપરાંત ગુજરાતભરમાંથી પણ સ્ટોલ આવ્યા છે.

### અલથાણ, વેસુ...

લાઈનમાં વાલ્વ બદલવાની કામગીરી કરવામાં આવશે. આ કામગીરી 19મી ફેબ્રુઆરીએ સવારે 9 વાગ્યે શરૂ થશે, જે પૂર્ણ થતા સુધી આ વિસ્તારોની અંડરગ્રાઉન્ડ ટાંકીઓ ભરી શકાશે નહીં. જેને લઈને અઠવા ઝોનમા વેસુ, અલથાણ અને ડુસમ વિસ્તારોમાં પાણી પુરવઠો બંધ રહેશે.

### ક્યા ક્યા વિસ્તારોમાં...

એવન્યુ, L&T કોલોની, ઓ.એન.જી.સી. ફેઇઝ-૨, નંદીની-1, 2, 3 અને તેની આસપાસના રહેણાંક વિસ્તારો, ડુમસ અને ગવીયરમાં ગવીયર, ડુમસ, કાદી ફળીયા, સુલતાનાબાદ, ભીમપોર ગામતળ, સેટેલાઈટ બંગલો, અવધ ઉટોપીયા અને એરપોર્ટ વિસ્તાર, અલથાણ અને ભીમરાડમાં ટી.પી. 43 અને 42 (ભીમરાડ), ડ્રીમ સિટી ખજોદ, ભીમરાડ ગામ, સરસાણા ગામ તેમજ ટી.પી. 36 અને 37 (અલથાણ)નો વિસ્તાર.


૧૩મી પુણ્યતિથિએ શ્રધ્ધાંજલી | વ્હાલા માતા પિતાને હાર્દીક શ્રધ્ધાંજલિ | ૨૮મી પુણ્યતિથિએ શ્રધ્ધાંજલી



સ્વ. હરિલાલ
પરાગજી પટેલ
સ્વ. તા. ૧૭.૦૨.૨૦૧૩

પરિશ્રમના દિવસો વીતાવી પરિવારને સમૃદ્ધ બનાવી ગયા. આપનું જીવન સંપૂર્ણ પણે મહેનત સ્નેહ લાગણીથી હર્યું ભર્યું હતું, કુટુંબ માટે કલ્યાણની ભાવના રાખનાર આજ અમારા માટે પ્રેરણારૂપ છો. આપની સ્મૃતિને અમો હંમેશા હૃદયમાં રાખીશું. પરમ કૃપાળું પરમાત્મા આપના દિવ્ય આત્માને શાંતિ અર્પે એજ ભાવભીની પ્રાર્થના.

લિ.
મણિલાલ હરીલાલ પટેલ
તથા સમસ્ત ભુહરિ પરિવાર
બી.૭, રાજવી રેસીડન્સી, જહાંગીરપુરા, અંજની હાઈટની સામે, રાંદેર રોડ, સુરત- ૩૯૫૦૦૫



સ્વ. ભુલીબેન
હરિલાલ પટેલ
સ્વ. તા. ૦૨.૧૧.૧૯૯૮